રસોડાના ભાગનું શાસ્ત્રોક્ત વિધિ મુજબ શુદ્ધીકરણ કરાયું

ગિરનારના અંબાજી મંદિરના ભંડારામાં દારૂ-નોનવેજની પાર્ટી

પૂજારી સહિત 11 કર્મચારી સસ્પેન્ડ, નવા બે પૂજારીની નિમણૂક

મહેફિલનો વિડીયો વાયરલ થતા ખળભળાટ

ગાંધીનગર : જૂનાગઢના ગિરનાર પર્વત પર સ્થિત અંબાજી મંદિરના રસોડાના ભંડારામાં દારૂ અને નોનવેજ પાર્ટી થતી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ભારે ચકચાર મચી જવા પામી છે. ધાર્મિક આસ્થાના કેન્દ્ર સમાન આ સ્થળે થયેલી ઘટનાથી ભક્તોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. આ ઘટનાની ગંભીરતાને જોતાં સત્તાવાળાઓએ તાત્કાલિક પૂજારી સહિત 11 કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં છે. આ અંગે મળતી માહિતી મુજબ સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા કથિત વીડિયોમાં બેથી ત્રણ વ્યક્તિઓ ગાળાગાળી કરતા, દારૂ પીતા અને માંસાહાર કરતા જોવા મળે છે. આ વિડીયો તંત્રના ધ્યાન પર આવતા જ તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં તથ્યો સામે આવતા મંદિરની ગરિમા કંલકિત કરવા બદલ પૂજાકી સહિત 11 કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરી, વહીવટી તંત્ર દ્વારા કિશોરસિંહ ચૌહાણ, તુષારગીરી ગોસ્વામી, પ્રિન્સ ઠાકર, ગોસ્વામી ભરતગીરી ધનગીરી, ભાર્ગવ ચૌહાણ, શૈલેશગીરી ગોસ્વામી, ધવલગીરી ગોસ્વામી, કાંતિગીરી અપારનાથી, દેવગીરી ગોસ્વામી, વિજયભાઈ ત્રિવેદી અને સમીયા રામ (રસોઈયા)ને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ઘટના બાદ મામલતદારની સીધી દેખરેખ હેઠળ મંદિર પરિસર અને ખાસ કરીને ભંડારાના રસોડાના ભાગનું શાસ્ત્રોક્ત વિધિ મુજબ 'શુદ્ધિકરણ' પણ કરવામાં આવ્યું હતું. મળતી મહિતી મુજબ ગિરનાર પર્વત પર ગેરકાયદે પ્રવૃત્તિઓ અંગે અગાઉ પણ ફરિયાદો મળી હતી. વાયરલ વીડિયો પુરાવા રૂપે સામે આવતા જ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ લોકોની નિમણૂક મામલતદાર હેઠળ હંગામી ધોરણે કરવામાં આવી હતી, જેને હવે દૂર કરી દેવાયા છે અને વધુ તપાસમાં જે પણ કસૂરવાર સાબિત થશે તેમના સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. મંદિરના મહંત બ્રહ્મલીન થયા બાદથી મંદિરનું વહીવટ રાજ્ય સરકારના હસ્તક છે. ઘટનાના પગલે મંદિરની ધાર્મિક વિધિઓમાં કોઈ વિક્ષેપ ન આવે તે માટે નવા બે પૂજારીઓની નિમણૂક પણ કરવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવાઓનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.

પત્નીએ નશો કરવા રૂપિયા નહીં આપતા નેપાળી રત્નકલાકારનો આપઘાત

સુરતઃ સિંગણપોરમાં પત્નીએ નશો કરવા રૂપિયા નહીં આપ્યા તો પતિએ ઝેર પીને જીવન ટૂંકાવી લીધું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ નેપાળના વતની સંતોષ ટેકબહાદુર ખત્રી (34 વર્ષ) હાલ સિંગણપોર સ્થિત તિરૂપતિ સોસાયટીમાં રહેતો હતો અને રત્નકલાકાર તરીકે કામ કરતો હતો. જોકે છેલ્લા બે મહિનાથી તે બેકાર ઘરે બેસી રહેતો હતો અને તેને નશો કરવાની કુટેવ હતી. જેથી અવારનવાર પત્ની પાસેથી રૂપિયા માંગતો રહેતો હતો. દરમિયાન બુધવારે બપોરે તેએ પત્ની પાસે નશો કરવા રૂપિયા માંગ્યા હતા. જોકે પત્નીએ રૂપિયા આપવા માટે ના પાડી દીધી હતી. જેથી બંને વચ્ચે ઝગડો થતા સંતોષે પીપલ્સ ચાર રસ્તા પાસે ઝેર પી લીધું હતું. તેનું સ્મીમેરમાં સારવાર દરમિયાન મોત થઈ ગયું હતું.

૪૨.૩ ડિગ્રી સાથે વિદ્યાનગર સૌથી ગરમ

ગુજરાતમાં ગરમીનો પ્રચંડ પ્રકોપ, અનેક શહેરોમાં તાપમાન ૪૨ ડિગ્રી પાર

રાજકોટ અને સુરેન્દ્રનગર આજે ઓરેન્જ એલર્ટ

ગાંધીનગર : ગુજરાતમાં ઉનાળાની શરૂઆત સાથે જ ગરમીનો પ્રચંડ પ્રકોપ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ રાજ્યના અનેક શહેરોમાં તાપમાન ૪૦ થી ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયું છે અને કેટલાક વિસ્તારોમાં તીવ્ર ઉકળાટની સ્થિતિ સર્જાઈ છે. રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન વલ્લભ વિદ્યાનગરમાં ૪૨.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જ્યારે સૌથી ઓછું લઘુત્તમ તાપમાન કચ્છના નલિયામાં ૧૭.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ નલિયામાં વહેલી સવારે અને રાત્રે તાપમાન ઓછું નોંધાઈ રહ્યું છે, પરંતુ દિવસ દરમિયાન રાજ્યના અન્ય વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે.

શહેરવાર તાપમાન પર નજર કરીએ તો રાજકોટમાં ૪૨ ડિગ્રી, વડોદરા અને વલ્લભ વિદ્યાનગરમાં ૪૨.૩ ડિગ્રીથી વધુ, અમદાવાદ, ગાંધીનગર, સુરત, ડીસા અને કેશોદમાં ૪૧ ડિગ્રી, સુરેન્દ્રનગર અને અમરેલીમાં ૪૧ ડિગ્રી, પોરબંદર અને મહુવામાં ૪૦ ડિગ્રી, ભાવનગર અને કંડલા પોર્ટ પર ૩૯ ડિગ્રી, ભૂજમાં ૩૯ ડિગ્રી જ્યારે દમણમાં ૩૩ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. નલિયામાં દિવસ દરમિયાન ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ અમદાવાદ, ડીસા, સુરત અને આણંદ સહિતના ગુજરાત વિસ્તારના કેટલાક જિલ્લાઓમાં તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના પોરબંદર, રાજકોટ, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર, ભાવનગર અને કચ્છ જિલ્લામાં અનેક વિસ્તારોમાં તીવ્ર ઉકળાટની સ્થિતિ જોવા મળી છે. જ્યારે ગાંધીનગર અને વડોદરા સહિત કેટલાક વિસ્તારોમાં સામાન્ય ઉકળાટની સ્થિતિ નોંધાઈ છે.

હવામાન વિભાગે ૧૩ માર્ચ માટે રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં તીવ્ર ઉકળાટની સ્થિતિ સર્જાય તેવી સંભાવના દર્શાવતા ઓરેન્જ એલર્ટ જાહેર કરી છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ, આણંદ, વડોદરા અને સુરત જિલ્લામાં તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના પોરબંદર, જૂનાગઢ, અમરેલી, મોરબી અને કચ્છ જિલ્લામાં ઉકળાટની સ્થિતિ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર, અમદાવાદ, આણંદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગરમ રાત્રીની સ્થિતિ સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી હવાની અસર પણ અનુભવાઈ શકે છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં મોટો ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ તાપમાનમાં ધીમે ધીમે ૨ થી ૪ ડિગ્રી સુધી ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેમ છતાં ૧૩ માર્ચ સુધી દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી હવાની અસ્વસ્થતા યથાવત રહેવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

આખા દેશમાં ગેસની બોટલના ટેન્શન વચ્ચે

પુણામાં તસ્કર ગેસ સિલિન્ડર પણ ચોરી ગયો

આશાનગરના બંધ મકાનને નિશાન બનાવી ૩.1.95 લાખની ચોરી

સુરતઃ વિશ્વસ્તરે અમેરિકા, ઈઝરાઈલ અને ઈરાન વચ્ચે વધતા યુદ્ધ તણાવની અસર ગેસ પુરવઠા અને બજાર પર પડી રહી હોવાની ચર્ચાઓ વચ્ચે સુરતમાં ગેસ સિલિન્ડર ચોરીનો બનાવ સામે આવ્યો છે. પુણાગામ વિસ્તારમાં રહેતા શાકભાજી વેપારીના બંધ મકાનમાં તસ્કરો તાળું તોડી ઘૂસી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ અને ગેસ સિલિન્ડર સહિત રૂ.1.95 લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સુરત શહેરમાં હાલ ગેસ સિલિન્ડરના વધતા ભાવ અને કાળાબજારીની ચર્ચા વચ્ચે હવે ગેસ સિલિન્ડર ચોરીના બનાવો પણ સામે આવવા લાગ્યા છે. પુણાગામ વિસ્તારમાં ઉમરવાડા પાસે આવેલી આશાનગર ઝૂપડપટ્ટીમાં રહેતા જીવણ બચુભાઈ વાઘેલા શાકભાજી વેચાણ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.ગત 9 માર્ચના રોજ બપોરે લગભગ 1 વાગ્યાથી સાંજે 4:30 વાગ્યા સુધી તેઓ શાકભાજી વેચવા માટે બહાર ગયા હતા, જેના કારણે તેમનું મકાન બંધ હતું. આ સમય દરમિયાન અજાણ્યા તસ્કરો તેમના ઘરના દરવાજાનું તાળું તોડી અંદર ઘૂસી ગયા હતા. ઘરમાં તપાસ કરતાં ચોરોએ તિજોરીમાં મુકેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ ચોરી લીધી હતી. તસ્કરો આશરે રૂ.1.64 લાખના દાગીના અને રૂ.30 હજાર રોકડ સાથે ફરાર થઈ ગયા હતા. એટલું જ નહીં, ઘરમાં રહેલો એચપી કંપનીનો ગેસ સિલિન્ડર પણ ચોરો લઈ ગયા હતા.

રાજ્યના ૧૫ તાલુકામાં 'બિરસા મુંડા લાઈબ્રેરી' શરૂ થશે

આદિજાતિ વિકાસ માટે રાજ્ય સરકારનું ૩૫,૭૮૨ કરોડનું બજેટ

ગાંધીનગર : રાજ્ય સરકારે આદિજાતિ સમુદાયના સર્વાંગી વિકાસ માટે રૂ. ૩૫,૭૮૨ કરોડનું ઐતિહાસિક બજેટ ફાળવી મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આદિજાતિ ઉત્કર્ષ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ હોવાનું આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે વિધાનસભામાં જણાવ્યું હતું. વર્ષ ૨૦૨૬-૨૭ માટે આદિજાતિ વિકાસ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભામાં પસાર કરવામાં આવી હતી. આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય રચાયા ત્યારે વર્ષ ૧૯૬૧માં આદિજાતિ અને સમાજ કલ્યાણ વિભાગનું સંયુક્ત બજેટ માત્ર રૂ. ૫૮ કરોડ હતું. ત્યારબાદ લાંબા સમયગાળા સુધી આદિવાસી વિકાસ માટે મર્યાદિત ખર્ચ થયો હતો. વર્ષ ૨૦૦૭માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આદિવાસી સમાજના વિકાસ માટે રૂ. ૧૫ હજાર કરોડના વિશેષ પેકેજની જાહેરાત કરી આ ક્ષેત્રે નવી દિશા આપી હતી.આ બજેટ હેઠળ રાજ્યના ૨૫ જેટલા વિભાગો દ્વારા આદિવાસી વિસ્તારોમાં વિવિધ વિકાસ કાર્યો હાથ ધરવામાં આવશે. જેમાં ઉમરગામથી અંબાજી સુધી રોડ-રસ્તાના નેટવર્ક માટે રૂ. ૬,૫૭૯ કરોડ, આદિજાતિ વિકાસ, ખાદી અને ગ્રામોદ્યોગ માટે રૂ. ૫,૪૨૫ કરોડ, સિંચાઈ અને પાણી પુરવઠા માટે રૂ. ૩,૩૦૯ કરોડ, શિક્ષણ માટે રૂ. ૩,૦૯૦ કરોડ, શહેરોમાં વસતા આદિવાસીઓની સુવિધા માટે રૂ. ૨,૯૪૫ કરોડ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે રૂ. ૨,૮૩૨ કરોડ તથા કૃષિ અને સહકાર ક્ષેત્ર માટે રૂ. ૨,૬૨૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

વનાધિકાર બાબતે તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે પારદર્શક રીતે વનાધિકાર અધિનિયમનો અમલ કર્યો છે. અત્યાર સુધીમાં ૯૮,૯૩૫ વ્યક્તિગત દાવાઓ મંજૂર કરીને ૬૮,૬૫૧ હેક્ટર જમીન આપવામાં આવી છે. ઉપરાંત ૩,૮૭૯ સામુદાયિક દાવાઓ મંજૂર કરીને કુલ ૫,૮૧,૨૮૪ હેક્ટર જમીન આદિવાસી ભાઈ-બહેનોને ફાળવવામાં આવી છે.

આદિવાસી બાળકોના શિક્ષણને પ્રાથમિકતા આપતા પટેલે જણાવ્યું હતું કે આ બજેટનો મોટો હિસ્સો શિક્ષણ માટે ફાળવવામાં આવ્યો છે. આદિવાસી વિદ્યાર્થીઓ માટે આવક મર્યાદા રૂ. ૨.૫ લાખથી વધારીને રૂ. ૬ લાખ કરવામાં આવી છે, પ્રથમ તબક્કે ૧૫ આદિજાતિ તાલુકાઓમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે અદ્યતન 'બિરસા મુંડા લાયબ્રેરી' સ્થાપિત કરવામાં આવશે.

ડિંડોલીમાં ગુટખા બાબતે થયેલી હત્યા કેસમાં આજીવન કેદ

ત્રણ વર્ષ પહેલા આરોપી આકાશ ઉર્ફે લાલુએ મહેન્દ્ર ઉર્ફે બાંગાને ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા

સુરતઃ ડિંડોલી પોલીસ સ્ટેશને નોંધાયેલાં હત્યા કેસમાં સેસન્સ કોર્ટે આરોપી આકાશ ઉર્ફે લાલુને તકસીરવાર ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી.

આ કેસની હકીકત મુજબ તા. ૦૮/૦૧/૨૦૨૩ ના રોજ નવાગામ-નંદનવન ટાઉનશીપ રોડ ની પાસે ઝાડી-ઝાખરા ના ખુલ્લા મેદાનમાં આરોપી આકાશ ઉર્ફે લાલુ જીતુભાઈ સોમાભાઈ પટેલ અને મરનાર મહેન્દ્ર ઉર્ફે બાંગા સાથે બેઠાં હતાં.

તે વખતે મરનારે આરોપી આકાશ ઉર્ફે લાલુ પાસે વિમલ ગુટખા, સિગરેટ ની માંગણી કરી હતી. જેથી આરોપી આકાશ ઉર્ફે લાલુએ મારી પાસે પૈસા નથી.

તું તારા પૈસાથી વિમલ ગુટખા ખા અને સિગરેટ પી એમ કહેતાં મરનાર મહેન્દ્ર ઉર્ફે બાંગાએ આરોપીને લુખ્ખા તું બધાને વિમલ ગુટખા ખવડાવે છે અને સિગરેટ પીવડાવે છે અને મને કેમ ના પાડે છે તેમ કહી ગાળો આપી હતી. જેથી આરોપીએ ઉશ્કેરાઇ જઇ પોતાની પાસે નાં ચપ્પુથી મરનારને ગળા તથા પીઠના ભાગે ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. ડીંડોલી પોલીસે હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

આ કેસમાં ફરિયાદ પક્ષે સરકારી વકીલ સંતોષ ગોહિલ ફરિયાદ પક્ષની ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી આકાશ ઉર્ફે લાલુ ને તકસીરવાર ઠેરવી આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

ચેક બાઉન્સ કેસમાં આરોપીને એક વર્ષની સજા

સુરતઃ ચેક બાઉન્સ ના કેસમાં કોર્ટે આરોપીને દોષી ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે અને ફરિયાદીને 17.16 લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો. આ કેસના ફરિયાદી સંજીવકુમાર દેશરાજ તનેજા (પ્રોપ્રાઇટર, દેશરાજ એન્ડ સન્સ) ને હરિયાણાના અંબાલા સિટીમાં આવેલી સની ફેશનના પ્રોપ્રાઇટર મુકેશકુમારે બાકી રકમના આંશિક ચુકવણી રૂપે 17,16,000નો ચેક આપ્યો હતો.જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને રકમ 30 દિવસમાં ચુકવવા હુકમ કર્યો હતો.

સાબરમતી નદીને સંપૂર્ણ ખાલી કરાશે

એપ્રિલથી સુભાષ બ્રિજ તોડવાનું કામ શરૂ થશે

235 કરોડના પ્રોજેક્ટને મંજૂરી

અમદાવાદ : અમદાવાદના ટ્રાફિક માટે મહત્વપૂર્ણ ગણાતા સુભાષબ્રિજને તોડી તેના સ્થાને નવો અને આધુનિક બ્રિજ બનાવવાની મંજૂરી અમદાવાદ મનપા દ્વારા આપવામાં આવી છે. આશરે 235 કરોડ રૂપિયાના ખર્ચે બનનારો આ પ્રોજેક્ટ જાન્યુઆરી 2027 સુધીમાં પૂર્ણ કરી જનતા માટે ખુલ્લો મુકવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ, બ્રિજનો સ્પાન બેસી જતાં તેને જોખમી જાહેર કરવામાં આવ્યો છે અને તેને તોડી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી 1 એપ્રિલથી 15 જૂન સુધીના અઢી મહિનાના સમયગાળા દરમિયાન સાબરમતી નદીને સંપૂર્ણપણે ખાલી રાખવામાં આવશે. વાસણાબ્રિજ ખાતે સિંચાઈ વિભાગ દ્વારા 30માંથી 18 દરવાજા બદલવા અને અન્ય દરવાજાઓનું રિપેરિંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે, જેના કારણે નદીનું પાણી છોડવામાં આવશે.

નદી ખાલી હોવાનો સીધો લાભ મનપાને મળશે. બ્રિજ તોડતી વખતે પડતો કાટમાળ નદીના પટમાં જમા કરી તેને સરળતાથી હટાવી શકાય તેવી કામગીરી કરાશે. સુભાષ બ્રિજ જૂની બેલેન્સ કેન્ટીલિવર પદ્ધતિથી બનાવવામાં આવ્યો હોવાથી તેના છ સ્પાન તોડવા માટે વિશેષ તકનીકી પદ્ધતિ તૈયાર કરવામાં આવી છે.

એપ્રિલ માસથી બ્રિજના ઉપરના સ્ટ્રક્ચરને તોડવાની કામગીરી શરૂ થશે અને નદી ખાલી હોય તે સમયગાળામાં જ ડિમોલિશનની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવશે, જેથી ચોમાસા પહેલા નવા બ્રિજના પાયા નાખવાનું કામ શરૂ કરી શકાય. હાલમાં બ્રિજ આસપાસ સોઈલ ટેસ્ટિંગ અને માપણીની કામગીરી ચાલી રહી છે. નવા બ્રિજની ડિઝાઈન નક્કી કરવા માટે જમીનની ઊંડાઈ અને તેની ભાર સહન કરવાની ક્ષમતા અંગે વૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. કલેક્ટર ઓફિસ તરફના છેડેથી ટેસ્ટિંગની કામગીરી શરૂ થઈ ચૂકી છે. વાસણા બેરેજ ખાતે 'ડેમ સેફ્ટી' હેઠળ થનારી મરામત અને સુભાષ બ્રિજનું નવનિર્માણ - આ બંને પ્રોજેક્ટ્સ એકસાથે ચાલવાના હોવાથી આ ઉનાળામાં સાબરમતી નદી લગભગ કોરી જોવા મળી શકે છે. મનપા દ્વારા એવી યોજના બનાવવામાં આવી છે કે નદીમાં ફરી પાણી ભરાય તે પહેલાં જોખમી બ્રિજનું સ્ટ્રક્ચર સંપૂર્ણપણે હટાવી લેવામાં આવે, જેથી ભવિષ્યમાં નવા બ્રિજના બાંધકામમાં કોઈ અવરોધ ન સર્જાય.

અમરોલીમાં 2.84 લાખની ચેઈન ચોરીમાં આરોપી ઝડપાયો

સુરતઃ અમરોલી વિસ્તારમાં રૂ.2.84 લાખની ચેન ચોરીની ઘટનામાં પોલીસે એકની ધરપકડ કરી ચોરી કરેલી ચેઈન કબજે કરી છે. પોલીસ હિમાંશુ સુરેશભાઈ હંસોરા (રહે., વર્ણીરાજ રેસીડેન્સી, છાપરાભાઠા)ને ઝડપી પાડ્યો હતો. આરોપીની તપાસ દરમિયાન તેની પાસેથી રૂ.2.84 લાખની કિંમતની ચોરાયેલી ચેઈન મળી આવી હતી, જેને પોલીસે કબજે કરી લીધી હતી. પોલીસના જણાવ્યા મુજબ આ ચેઈન અમરોલી પોલીસ મથક વિસ્તારમાં નોંધાયેલા ચોરીના ગુનામાં ચોરાઈ હતી. પોલીસે આરોપીને કસ્ટડીમાં લઈ વધુ પૂછપરછ શરૂ કરી છે જેથી અન્ય કોઈ ચોરીના બનાવોમાં તેની સંડોવણી છે કે નહીં તેની પણ તપાસ કરી શકાય. હાલમાં અમરોલી પોલીસે ગુનાનો ભેદ ઉકેલી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાતમાં ઘરેલું ગેસનો પૂરતો જથ્થો હોવાનું સરકારનું રટણ

એક ગ્રાહક દ્વારા બે સિલિન્ડર બુકિંગ વચ્ચે ૨૫ દિવસનો સમયગાળો ફરજિયાત

અનાધિકૃત સંગ્રહ અને કાળાબજારી સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી

ગાંધીનગર : મધ્ય પૂર્વ વિસ્તારમાં બદલાતી પરિસ્થિતિ અને વધતા ભૂ-રાજકીય તણાવને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં ઘરેલું વપરાશ માટે એલપીજી ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવા કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે જણાવ્યું છે કે રાજ્યમાં હાલ ઘરેલું જરૂરિયાત માટે એલપીજીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી નાગરિકોને ગેસની અછત અંગે ચિંતા કરવાની જરૂર નથી. નાગહરિક પુરવઠા વિભાગના સૂત્રોએ વધુમાં જણાવ્યું છે કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યમાં ઉપલબ્ધ એલપીજી સ્ટોકનું પરિવહન અને વિતરણ સુચારૂ રીતે કરવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં આશરે ૩૦ ટકા ઘરેલુ ગેસ પાઇપલાઇન મારફતે પૂરો પાડવામાં આવે છે. પાઇપલાઇન ગેસનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી રાજ્યની સ્થિતિ અન્ય રાજ્યોની સરખામણીએ વધુ સ્થિર ગણાય છે. રાજ્યમાં ઘરેલું ગેસનો પૂરતો પુરવઠો દરેક વિસ્તારમાં ઉપલબ્ધ રહે તે માટે કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. તે મુજબ હવે એક જ ગ્રાહક દ્વારા બે એલપીજી સિલિન્ડર બુકિંગ વચ્ચે ઓછામાં ઓછા ૨૫ દિવસનો સમયગાળો રાખવો ફરજિયાત રહેશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ અનાવશ્યક ગભરાટ અને ગેસના અતિરિક્ત સંગ્રહને રોકવાનો છે. કેન્દ્ર સરકારના નિર્ણય મુજબ હાલમાં વ્યાવસાયિક ગેસ સિલિન્ડરનું વેચાણ નિયંત્રિત રાખવામાં આવ્યું છે. જોકે હોસ્પિટલ અને શૈક્ષણિક સંસ્થાઓને તેમની જરૂરિયાત મુજબ એલપીજી ફાળવણી ચાલુ રાખવામાં આવી છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે ચેતવણી આપતાં જણાવ્યું છે કે એલપીજીનો અનાધિકૃત સંગ્રહ, કાળાબજારી, નિર્ધારિત ઉપયોગ સિવાય અન્ય ઉપયોગ અથવા નક્કી કરેલી કિંમત કરતાં વધુ ભાવ વસૂલવો આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ અને એલપીજી નિયંત્રણ આદેશ ૨૦૦૦ મુજબ કાયદાકીય ગુનો છે. આવી ગેરરીતિ કરતા વ્યક્તિઓ સામે રાજ્ય સરકારના સક્ષમ અધિકારીઓ દ્વારા કડક ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

અમરોલીમાં માનસિક બીમારીથી પીડિત યુવકે ઝેર પીધું

સુરતઃ અમરોલીમાં માનસિક બીમારીથી પીડિત યુવકે ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. અમરોલી ગામમાં આવેલ ડી.કે કોમ્પલેક્સમાં 44 વર્ષીય હેમંતકુમાર શાંતિલાલ બ્રહ્મભટ્ટ પરિવાર સાથે રહેતો હતો. હેમંતકુમાર વરાછા ખાતે આવેલ એક મોલમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરીને પરિવારનો ગુજરાન ચલાવતો હતો. તેને છેલ્લા 15 વર્ષથી માનસિક બીમારી હતી જેની દવા પણ ચાલતી હતી. આ બીમારીથી કંટાળીને હેમંતકુમારે બુધવારે રાત્રે ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. બનાવને પગલે અમરોલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઉધના દરવાજા પાસે રોડ ક્રોસ કરતા વૃદ્ધનું રિક્ષાની અડફેટે મોત

સુરતઃ ઉધના દરવાજા ખાતે પાસપોર્ટ ઓફિસમાં નોકરી કરતા સિક્યુરિટી ગાર્ડને રિક્ષા ચાલકે અડફેટે લેતા મોત થયું હતું. વૃદ્ધ નોકરી પર જતા હતા. ત્યારે ઘટના બની હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઉધના દરવાજા પાસે આવેલ ખરવરનગરમાં 74 વર્ષીય મહેન્દ્રભાઈ બળવંતભાઈ બારડોલીયા પરિવાર સાથે રહેતા હતા. તે ઉધના દરવાજા ખાતે આવેલ પાસપોર્ટ ઓફિસમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. ગત 24મી ફેબ્રુઆરીના રોજ રાત્રે બળવંતભાઈ નાઈટ ડ્યુટીમાં નોકરી પર જવા નીકળ્યા હતા. દરમિયાન ઉધના દરવાજા એપલ હોસ્પિટલની સામે રસ્તો ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે રીક્ષા ચાલકે મહેન્દ્રભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાને પગલે સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન આજે બપોરે તેમનું મોત થયું હતું.

સુડોકુ - 'કૃતિ'

૩	૬	૨		૧		૯	૭	૮
૭	૮	૫			૩	૬	૪	
	૪		૭	૮	૬		૨	
	૨		૯	૩				૭
૪	૯		૬	૨	૮		૩	૫
૮		૧		૫			૯	૬
						૭		૯
૬	૫		૩				૧	૨
	૭	૮			૨		૫	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૫	૬	૯	૩	૮	૭	૧	૪
૯	૮	૭	૧	૪	૬	૨	૫	૩
૧	૩	૪	૫	૨	૭	૬	૮	૯
૩	૧	૨	૪	૫	૯	૮	૬	૭
૫	૬	૯	૨	૮	૧	૩	૪	૨
૭	૪	૮	૩	૬	૨	૧	૯	૫
૮	૨	૩	૬	૧	૫	૪	૭	૯
૬	૯	૫	૭	૨	૪	૯	૩	૧
૪	૭	૧	૮	૯	૩	૫	૨	૬

૧૩૨૬-૧૬૬૭ ક્રિષ્ટિ

આજનું પંચાંગ

તા. 13/03/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** ફાગણ
તિથિઃ વદ દસમઃ વૃધ્ધિ તિથિ છે
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ફાગણ-22
યોગ : વ્યતિપાત **કરણઃ** વાણિજ
નક્ષત્ર : પૂ.પા. 27:03
રાશિઃ ધન (ભ.ધ.ફ.ઢ)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 06:51 **સુરતમાં સૂ